
# સન્નારી



આજે સમય ઘણો બદલાયો છે. દીકરા-દીકરી વચ્ચેની ભેદરેખા થોડે ઘણે અંશે બદલાઈ છે. જો કે આપણા દેશમાં એવો પણ સમય હતો જ્યારે લોકોની માનસિકતા હતી કે દીકરો કૂળને તારે છે. એ સમય એવો પણ હતો કે ઘણા લોકો જો પહેલું સંતાન દીકરી હોય તો દીકરાની ચાહમાં બીજા સંતાનને જન્મ આપવાનું પ્રિફર કરતાં. લોકો માનતા કે દીકરી તો પારકી થાપણ કહેવાય, તેને સાસરે વળાવી દેવામાં આવે પછી ઘડપણમાં મા-બાપનું ધ્યાન દીકરો જ રાખતો હોય. જો કે શિક્ષણનો વ્યાપ વધતાં લોકો બ્રોડ માઈન્ડેડ થયા અને તેમની દીકરો તો હોવો જ જોઈએ કે ઘરમાં બે બાળકો તો હોવાં જ જોઈએ એ માનસિકતા, એ વિચારસરણી બદલાતી ગઈ. જો કે હજી પણ પહેલું સંતાન દીકરી હોય તો બીજા સંતાન તરીકે દીકરો જન્મે તેવી અપેક્ષા ઘણા પરિવારમાં રાખવામાં આવતી હોય છે. એવા લોકો હજી પણ બહુ ઓછા જોવા મળશે કે જેમને એક જ સંતાન હોય અને તે પણ ડોટર હોય. 'સન્નારી'ની ટીમે આવાં પેરેન્ટ્સને શોધી કાઢ્યાં જેમને સંતાનમાં એકમાત્ર દીકરી જ હોય. આવાં પેરેન્ટ્સને જ્યારે સવાલ કર્યા કે, તેમને સંતાનમાં એક માત્ર દીકરી છે તો ક્યારેક તેમણે દીકરાની ચાહના રાખી હતી ખરી, દીકરીના જન્મ બાદ બીજા સંતાનનું નહીં વિચાર્યું તો પરિવાર કે નજીકના રિલેટિવ્ઝ કે મિત્રો બીજું બાળક તો હોવું જોઈએ કે દીકરો ઘરમાં હોવો જોઈએ એવું કહેતા હતા ખરા, જો ઘરમાં એક માત્ર દીકરી હોય અને તે પરણીને સાસરે જાય પછી શું તેઓ એકલવાયું ફીલ નહીં કરે, કે પોતાને વ્યસ્ત રાખવા માટે શું પ્લાનિંગ કરશે? તેના જે જવાબ મળ્યા તે અહીં પ્રસ્તુત છે.

# જો સંતાનમાં માત્ર દીકરી જ હોય તો...?



## આજની જનરેશનને ભાઈ-બહેન કરતાં ફ્રેન્ડ્સ સાથે વધારે ફાવે છે: અંકુર ક્રિસ્ટી



"અમે બંને હસબન્ડ- વાઈફ વર્કિંગ છીએ. અમે અર્નિંગ માટે બહાર જઈએ અને અમારા બાળકનો ઉછેર કોઈ બીજાના ભરોસે થાય એવું અમે નહોતાં ઈચ્છતાં એટલે સેકન્ડ ચાઈલ્ડનું નહીં વિચાર્યું. જોઈન્ટ ફેમિલીમાં બાળકનું ધ્યાન રાખનાર ઘરના જ હોય પણ દંપતી એકલું રહેતું હોય તો બાળકનું ધ્યાન રાખવું ડિફિકલ્ટ થતું હોય." આ શબ્દો છે ભાઠા વિસ્તારમાં રહેતાં 49 વર્ષીય અંકુર ક્રિસ્ટીના. તેઓ એક કંપનીમાં ફાયનાન્સ હેડ છે. તેમણે જણાવ્યું કે, "અમે હસબન્ડ- વાઈફે પહેલાંથી જ વિચારી લીધું હતું કે દીકરો હોય કે દીકરી અમારું એક જ સંતાન રહેશે. હા, અમારી દીકરી આરુષિ બીજા ધોરણમાં હતી ત્યારે કેટલાંક લોકો કહેતાં કે, જંગલમાં તો એકલું ઝાડ પણ સારું નહીં લાગે. બીજું બાળક હોય તો બંને બાળકો એકબીજાનો સથવારો બને. જો કે આજની જનરેશનને તો ભાઈ-બહેન કરતાં ફ્રેન્ડ્સ સાથે વધુ ફાવે છે. તેમનું ફ્રેન્ડ્સ સાથે સારું બોન્ડિંગ રહે છે. હવે તો ડિજિટલ જમાનો આવ્યો છે. વીડિયો કોલિંગથી પણ વાત થઈ જતી હોય એટલે દીકરીના લગ્ન બાદ એકલા પડી ગયાં એવું લાગશે જ નહીં. અમે હસબન્ડ- વાઈફ અમારાં અધૂરાં રહેલાં સપના પૂરાં કરીશું. હું મ્યુઝિકનો શોખ પૂરો કરીશ તો મારી વાઈફને સોશ્યલ વર્ક ગમે છે તો તે સામાજિક કાર્યો કરશે એટલે એકલવાયું ફીલ થવાનો સવાલ ઊભો નહીં થાય."

## મેં મારી લાઈફમાં અનુભવ્યું જ છે કે દીકરી વહાલનો દરિયો હોય છે: ડૉ. ચેતના શાહ



"મને તો પહેલાંથી જ મનમાં હતું કે બેબી ગર્લ હોવી જોઈએ. દીકરીનો માતા-પિતા માટેનો પ્રેમ અલગ જ હોય છે. તેને માતા-પિતા માટે અલગ જ અફેક્શન હોય છે. બીજું બાળક હોવું જોઈએ એવું તો હું પણ થોડું માનું પણ અમે હસબન્ડ- વાઈફ અમારા પ્રોફેશનમાં એટલા બિઝી રહ્યાં કે અમને બીજા બાળક માટે ટાઈમ જ નહીં મળ્યો. મને દીકરી છે તે માટે તો હું પોતાને બહુ લકી માનું છું." આ શબ્દો છે ઉમરા વિસ્તારમાં રહેતાં 67 વર્ષીય ડૉ. ચેતના જયેશ શાહના. તેઓ સ્ત્રી રોગ અને પ્રસૂતિ નિષ્ણાત છે. તેમણે જણાવ્યું કે, "અમને ગર્લ તરીકે પરિવારમાં બહુ માન મળતું અને ઘરનાં બધાં જ માનતાં કે, છોકરીઓને પગભર બનાવવી. મારી ડૉટર અંજલિએ B.B.A., M.Com. અને C. A. કર્યું છે. લંડન બિઝનેસ સ્કૂલમાંથી M.B.A. કર્યું છે. તેણે સ્વિસ બેંકમાં જોબ કરી છે. અત્યારે બેંગ્લોરમાં તેની જોબ છે. તે 6-7 વર્ષ મુંબઈ રહી, 2 વર્ષ લંડન, બે વર્ષ સ્વિસ બેંકમાં હતી એટલે કે 12 વર્ષથી તે પોતાના કરિયરમાં આગળ રહેવા બહાર રહી એટલે અમે હસબન્ડ- વાઈફ તે અમારી સાથે નહીં રહેતી હોવા છતાં અમારી લાઈફ મેનેજ કરીએ છીએ. દીકરી અમારી સાથે નથી તો અમને પણ એકલવાયું ફીલ થાય ખરું પણ હું મારા પ્રોફેશનમાં ઘણી બિઝી રહું છું. સવારે વર્ક આઉટ કરું, આખો દિવસ મારી પ્રેક્ટિસ ચાલતી હોય, વીક એન્ડમાં સોશ્યલ રહું છું એટલે દીકરી બહાર છે તો લોન્લી ફીલ તો થાય પણ અટકી પડ્યાં એવું તો નથી જ. અમે અમારા પ્રોફેશનમાં બિઝી પણ છીએ અને હેપ્પી પણ છીએ."

## દરેક પેરેન્ટ્સે પ્રિપેર રહેવું જ જોઈએ કે, બાળકોના લગ્ન બાદ થોડો તો ઈમોશનલ ગેપ આવશે: નીલિમા ગાવન્ડે



"આજના સમયમાં દીકરો હોવો જ જોઈએ એવું નથી રહ્યું પણ હા, લોહીના સંબંધો છેલ્લે સુધી રહેતા હોય છે એટલે મને ક્યારેક એવું ફીલ થાય કે, બે બાળકો હોય તો તેઓ લાઈફ ટાઈમ એકબીજાનો સાથ નિભાવતા રહે. અમે તો દીકરી નેલ્સા માટે ખૂબ ખુશ છીએ. તે અમને ઘણું પ્રાઉડ ફીલ કરાવે છે. હમણાં જ તે ચેસ ટુર્નામેન્ટ જીતીને આવી છે. ખેલ મહાકુંભમાં પણ તેનું સારું પર્ફોર્મન્સ રહ્યું છે તે એમાં ડિસ્ટ્રિક્ટ લેવલ સુધી પહોંચી હતી. ખોખોમાં પણ તેનું પર્ફોર્મન્સ સારું હોવાનું તેના સ્કૂલ ટીચરે કહ્યું હતું." આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં 42 વર્ષીય નીલિમાબેન ગાવન્ડેના. તેઓ હાઉસ વાઈફ છે. તેમણે જણાવ્યું કે, "દીકરીના જન્મ બાદ અમે હસબન્ડ- વાઈફે બીજા બાળક માટે વિચાર્યું નહોતું અને પછી હેલ્થ ઈશ્યુ ઊભા થયા પછી તો બીજા બાળક માટે વિચારવાનો કોઈ સવાલ જ નહોતો. અમને પરિવારમાંથી કોઈ ફોર્સ નહીં થતો કે બીજું બાળક હોવું જ જોઈએ. જો કે હવે તો સમય બદલાયો છે. દીકરો પણ વિદેશ જોબ કરવા જાય અને ત્યાં જ સેટલ થઈ જાય તો એવી સ્થિતિમાં મા-બાપ માટે સંતાનનું હોવું નહીં હોવા જેવું જ થઈ જાય ને! દીકરો હોય કે દીકરી બાળકોના લગ્ન થયા બાદ માતા-પિતાની ઓનરશીપ થોડી ચાલી જ જતી હોય છે. મા-બાપે પ્રિપેર રહેવું જ જોઈએ કે દીકરીના લગ્ન બાદ ઈમોશનલ ગેપ આવશે જ."



## કોઈક વાર એવું લાગે કે બીજું બાળક હોવું જોઈતું હતું : વિજયેન્દ્ર દેસાઈ



પાલ વિસ્તારમાં રહેતાં 48 વર્ષીય ડૉ. વિજયેન્દ્ર દેસાઈ અને તેમનાં વાઈફ ડૉ. વિશ્રુતિ દેસાઈ પ્રોફેસર છે. ડૉ.વિજયેન્દ્ર દેસાઈએ જણાવ્યું કે, "અમારા લગ્ન બાદ 7 વર્ષે અમારા ઘરમાં દીકરીનો જન્મ થયો હતો. એ સમયે અમારી ઉંમર 32 વર્ષની હતી. પછીથી બીજું બાળક જન્મે તો અમે જ્યારે નોકરીમાંથી રિટાયર્ડ થઈએ ત્યારે અમારું બાળક તેના કરિયરમાં કદાચ સેટલ ના થયું હોય એટલે અમે એક જ બાળક ઈચ્છતાં હતાં. વળી, બે બાળકો હોય તો તેમની પરવરિશ પર પૂરતું ધ્યાન આજના સમયમાં નથી આપી શકાતું. હા, ક્યારેક ક્યારેક ઓળખીતામાં કોઈ કહેતું કે બીજું બાળક હોવું જોઈએ. જો કે અમે એક બાળકમાં ખુશ હતાં અને છીએ. મારી દીકરી યાશી અને તેની મમ્મી વચ્ચે બહુ બને છે. તેઓ ફ્રેન્ડની જેમ વર્તે છે. જો કે ક્યારેક ક્યારેક મારી વાઈફને એવું લાગે કે, યાશીની કોઈ બહેન કે ભાઈ હોત તો બંને સાથે વાતો શેર કરી શક્યા હોત. આજનો સમય એવો છે કે ઘણાં બાળકો મમ્મીપપ્પા સાથે વધારે રહેવા નથી માંગતાં. આવા કિસ્સા સમાજમાં બને જ છે. દીકરો આવું કરે તો મા-બાપને ઘણું દુ:ખ થાય એટલે મને તો એવું જ ફીલ થાય કે સારું છે મારી એક માત્ર દીકરી જ છે. દીકરી તેના કરિયર માટે બીજા શહેરમાં જાય કે પછી સાસરે જાય તો પણ તે માતા-પિતા સાથે કોન્ટેક્ટમાં રહેતી જ હોય છે. મેં કે અમારા પરિવારે કોઈ દિવસ દીકરા-દીકરીને લઈને કોઈ ભેદભાવ નથી કર્યો."

## દીકરી મુંબઈમાં જોબ કરે છે, લગ્ન સુરતમાં થશે પછી અમને ક્યારેય એકલવાયું નહીં લાગે: તૃષ્ણા રંગુનવાળા



ભટાર વિસ્તારમાં રહેતાં 44 વર્ષીય તૃષ્ણાબેન રંગુનવાળા બ્યૂટીશિયન છે. તેમણે જણાવ્યું કે, "મેં અને મારા હસબન્ડે પહેલેથી જ વિચારી લીધું હતું કે અમને સંતાનમાં માત્ર એક જ બાળક જોઈએ પછી તે દીકરી હોય કે દીકરો. જો કે અમારા પરિવારના લોકો અને ઓળખીતાઓ અમને સલાહ આપતાં કે બે બાળકો હોવાં જોઈએ. પહેલાં તો અમે એવો જ રીપ્લાય આપતા કે પછીથી વિચારીશું, ના નહોતાં પાડતાં. પછી અમારી દીકરી આકાંશા મોટી થવા લાગી અને એ સાથે સવાલો ઓછા થતા ગયા. અમે એક જ સંતાનનું ડીસીઝન એટલા માટે પણ લીધું હતું કે એક બાળક હોય તો તેની સારી રીતે પરવરિશ થઈ શકે, સારું એજ્યુકેશન આપી શકાય અને તેને પૂરતો ટાઈમ આપી શકાય. અમને બીજું સંતાન હોવું જોઈએ કે દીકરો હોવો જોઈએ એવું ક્યારેય ફીલ નથી થયું. અમે અમારી દીકરી સાથે ખૂબ ખુશ છીએ. મારી દીકરી અત્યારે 23 વર્ષની છે અને 5 વર્ષથી મુંબઈમાં છે. તે ત્યાં ભણી અને હવે જોબ પણ ત્યાં જ કરે છે. અમારી દીકરી માટે અમને ગર્વ છે. તે ભણવામાં હોંશિયાર છે. તે સ્કૂલમાં રેન્કર હતી અને તેનામાં પોતાના ડીસીઝન જાતે લેવાની આવડત છે. તે પોતાની કરિયરમાં ઊંચા સ્થાન પર છે. તે ઈવેન્ટ મેનેજમેન્ટને સેલિબ્રિટીઝ આર્ટિસ્ટ મેનેજ કરી આપે છે. બોલિવૂડના સ્ટાર્સ, ક્રિકેટર, કોમેડિયનનું અરેન્જમેન્ટ ઈવેન્ટ માટે કરે છે. તેના વિવાહ સુરતમાં થયા છે એટલે તે હવે મેરેજ કરીને સુરત સ્થાયી થઈ જશે એટલે અમારી નજદીક રહેશે એટલે અમે ભવિષ્યમાં એકલવાયું ફીલ નહીં કરીએ."

## દીકરીના મેરેજ થઈ ગયા છે, વારતહેવારે એકલવાયું લાગે: પૂજા ગજ્જર



જહાંગીરપુરા વિસ્તારમાં રહેતાં 55 વર્ષીય પૂજાબેન ગજ્જર સુરતથી મુંબઈ પાર્સલ સર્વિસનો બિઝનેસ કરે છે. તેમણે જણાવ્યું કે, "મને પ્રેગ્નન્સી રહી હતી ત્યારે મારા બોડીમાં તકલીફ થઈ હતી એટલે પછી અમે હસબન્ડ- વાઈફે બીજા બાળકનું વિચાર્યું જ નહોતું. જ્યારે એક દીકરી બાદ અમે બીજા બાળક વિશે વિચારતા નહોતાં ત્યારે બહારના લોકો નોર્મલી વાત કરતાં હતાં કે બીજું બાળક કેમ નહીં લાવ્યાં? જો કે નજીકના રિલેટિવ્ઝ તેનું કારણ જાણતાં હતાં. વળી, મારાં સાસુ-સસરા પણ હયાત નહોતાં એવામાં અમે હસબન્ડ-વાઈફ એકલાં જ હતાં તો બીજું બાળક હોય તો બે બાળકોની સંભાળ, તેમને સ્કૂલે લેવા-મૂકવા જવાના, તેમને ભણાવવું આ બધું મેનેજ કરવું એમાં પણ અઘરું થયું હોત એટલે પણ બીજા બાળકનો વિચાર નહીં કર્યો. વળી અમે દીકરીને મેળવીને ખૂબ ખુશ હતાં. દીકરી ઘરમાં આવતા અમને બીજી કોઈ વસ્તુની જરૂરિયાત ફીલ નહીં થઈ. છોકરો લાવવો જોઈએ એના વગર કંઈ નહીં થાય એવું કોઈ દિવસ વિચાર્યું નહોતું. અમારી દીકરી પણ બહુ હોંશિયાર છે. પહેલાં હું બિઝનેસમાં નહોતી પણ 2018માં મારા હસબન્ડ બીપીન ગજ્જરનું અવસાન થયું હતું એટલે બિઝનેસનું સંચાલન મેં હાથમાં લઈ લીધું હતું. મેં દીકરીના લગ્ન એકલા હાથે કરાવ્યા. હવે થોડું એકલવાયું ક્યારેક ફીલ થતું હોય પણ હું તો મારા બિઝનેસમાં વ્યસ્ત રહું છું એટલે આમ તો એકલવાયું નહીં લાગે પણ વારતહેવારે એકલવાયું ફીલ થતું હોય. જો કે, જે છે તેને એક્સેપ્ટ કરીને જ આગળ વધવાનું હોય. મેં પણ તે જ કર્યું છે."

## લોકો દીકરા માટે કહેતા, મેં કહ્યું મારી દીકરી જવાબ આપશે: મલય શાહ



55 વર્ષના મલય શાહ અડાજણ વિસ્તારમાં રહે છે. તેમણે કહ્યું, "મારી દીકરી ધ્વનિ ફિઝિયોથેરાપીસ્ટ પણ છે અને સ્કૂલમાં ટીચર પણ છે." મલયભાઈ બેંકર છે અને તેમનાં પત્ની રૂપલબેન હોમિયોપેથિક ડૉક્ટર છે. તેમણે જણાવ્યું કે, "લગ્ન પહેલાં જ મેં અને રૂપલે નક્કી કર્યું હતું કે આપણે એક જ સંતાન લાવીશું પછી તે દીકરી હોય કે દીકરો. જે પણ હોય તેનો સ્વીકાર કરીશું. જ્યારે દીકરીનો જન્મ થયો ત્યારે મારાં પેરેન્ટ્સ તો બહુ ફોરવર્ડ તેમણે તો કાંઈ નહીં કીધું પણ ઓળખીતા અમુક લોકો સલાહ આપતાં એક દીકરો તો હોવો જોઈએ. હું ચૂપ રહેતો. હું મનમાં બોલતો આનો જવાબ તમને મારી દીકરી આપશે. મારી ડોટર ધ્વનિએ કોલેજમાં પ્રવેશ કર્યો ત્યારથી તે બુક્સના રીવ્યુ લખીને અર્નિંગ કરવા લાગી. તેણે ફિઝિયોથેરાપીની માસ્ટર ડિગ્રીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો. ફિઝિયોથેરાપીસ્ટ હોવા છતાં ટીચિંગમાં ઈન્ટરેસ્ટ લીધો અને પ્રોફેસર બની. નવસારીની એક કોલેજમાં ભણાવવા જતી પણ પછી તે સુરતમાં સ્કૂલમાં ટીચર તરીકે સેવા આપવા લાગી. તે ફ્રીલાન્સર ફિઝિયોથેરાપીસ્ટ તરીકે પોતાની સેવા આપે છે. કોઈ પુસ્તક પ્રકાશિત થવાનું હોય તે પહેલાં પ્રકાશક તેની પાસે રીવ્યુ માંગે છે. રીવ્યુ આપવાના તેને પૈસા મળે છે. તેની પાસે 1500 જેટલી બુક્સનો ખજાનો છે. મારી દીકરી આજે એટલી આગળ પડતી છે કે મને તેના પર ગર્વ થાય છે. લોકો કહેતા હોય કે દીકરો હોવો જોઈએ પણ આજે આપણે એવા કિસ્સા જોઈએ જ છીએ કે, દીકરો તેના પેરેન્ટ્સને સાંભળતો નથી. તે બીજા શહેર કે વિદેશમાં સ્થાયી થાય ત્યારે માતા-પિતા એકલાં પડી જતાં જ હોય છે ને! મારી દીકરીના લગ્ન થશે અને તે સાસરે જશે પછી 100% અમને હસબન્ડ- વાઈફને એકલવાયું લાગશે પણ દીકરીની પ્રોગ્રેસ થાય, તે તેના કરિયરમાં આગળ વધે તે જરૂરી છે, એટલે એકલા પડી જઈશું તો પણ સ્વીકારવું પડશે."

**લોકોની વિચારસરણી બદલાઈ છે એ ચોક્કસ છે પણ એવું પણ જોવા મળે છે કે પ્રેગ્નન્સીમાં કોમ્પ્લિકેશનને કારણે પણ લોકો એક બાળક પછી બીજા બાળકને જન્મ નહીં આપવાનું મુનાસિબ માનતા હોય છે. આવી સ્થિતિમાં પહેલું જ બાળક ડોટર હોય તો કુદરતના એ નિયમનો સ્વીકાર તો કરી લે છે પણ બીજું સંતાન હોવું જોઈતું હતું તેવી લાગણી મનના ઊંડાણમાં ક્યાંક તો છુપાયેલી હોય છે. હવે તો સ્કૂલોની ફીસ પણ આસમાનને સ્પર્શે તેટલી હાઈ હોય છે એટલે પણ હવે ખર્ચા કરવાની પોતાની કેપેસિટી લિમિટેડ હોય તો તેઓ બીજા બાળકનો વિચાર નથી કરતા.**